अरजी रजू थया : ता.०९/१०/२०२३

અરજી રજી.થયા : તા.૦૯/૧૦/૨૦૨૩
અરજી ફૈંસલ થયા : તા.૧૭/૧૦/૨૦૨૫
કુલ અવધિ વર્ષ–૨, માસ–૦, દિવસ–૦૮

**<u>ગાંધીનગરનાં બીજા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મુ.ગાંધીનગર.</u>**

**ફોજદારી પરચુરણ અરજ નં.૨૧૪૭/૨૦૨૩**

**આંક– ૨૬**

**અરજદાર**

(૧) સંગીતાબેન પ્રહલાદજી ઠાકોર
રહે. ગામ–ઈન્દ્રોડા, તા.જી.ગાંધીનગર.

<u>– વિ રૂ ધ્ધ –</u>

**સામાવાળા**

(૧) યોગેશકુમાર ચંદુજી સોલંકી(પતિ)
(૨) ચંદુજી સોમાજી સોલંકી(સસરા)
(૩) હરખાબેન ચંદુજી સોલંકી(સાસુ)
(૪) શિલ્પાબેન રાજુજી (નણંદ)
તમામ રહે. મહાદેવપુરા, પ્રાંતીયા,
તા.જી.ગાંધીનગર.

**અરજ :– <u>ધી પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૧૨ મુજબની અરજી</u>...**

**<u>પક્ષકારો તરફે હાજર</u>**
**અરજદાર તરફે : વિ.વ.શ્રી એમ.કે.હીંગોલા**
**સામાવાળા તરફે : વિ.વ.શ્રી આર.ડી.પરમાર**

## ::: જજમેન્ટ :::

૧)) આ કામનાં અરજદારે કૌટુંબીક હીંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનીયમ–૨૦૦૫ (જેને હવે પછી સરળતા ખાતર ટૂંકમાં ''ડી.વી.એકટ'' તરીકે સંબોધવામાં આવેલ છે) ની કલમ ૧૨ અન્વયે હાલની આ અરજી રજુ રાખી મુખ્યત્વે એવી હકીકતો જણાવી છે કે, અરજદાર તેમના પિતા સાથે તેઓના પુત્રી–પુત્ર સાથે રહે છે. તૌઅના લગ્ન આ કામના સામાવાળા પક્ષના નં.૧ સાથે તા.૧૨/૦૫/૨૦૧૧ ના રોજ હિન્દુ શાસ્ત્ર વિધિ મુજબ વડીલોની હાજર પ્રાંતીય(ગાંધીનગર) મુકામે થયેલા જે લગ્ન તેઓના બંને પક્ષકારનાં એકબીજા સાથેના પ્રથમ લગ્ન હોય અને ત્યારથી તેઓ પક્ષકાર પતિ–પત્નિ થયેલા. અરજદાર આ કામના સામાવાળા નં.૧ સાથે સામાજિક રીત–રીવાજ પ્રમાણે લગ્ન કરી તમામ ધાર્મિક વિધિ પુર્ણ કર્યા બાદ વિધિવત રીતે આ કામના સામાવાળા નં.૧ સાથે રહેવા માટે ગયેલા. અરજદાર આ કામના સામાવાળા નં.૧ તથા તેમના માતા–પિતા સાથે એટલે કે તેઓના સાસુ–સસરા સાથે રહેતા હતા. શરૂઆતનાં એકાદ વર્ષ સુધી આ કામના સામાવાળા તથા તેમના માતા–પિતાએ અરજદારને સારી રીતે રાખેલ ઉપરાંત આ સમય દરમિયાન સાસરીનાં સભ્યોનો વ્યવહાર પણ અરજદાર પ્રત્યે સારો જ હતો. એ પછીનાં સમયગાળામાં અરજદાર સગર્ભા થયા જેમાં તેઓને પ્ર થમ દીકરીનો જન્મ થયો હોય જે અરજદારની સાસરી પક્ષમાં ન ગમ્યુ હોય તેમજ ૨–૩ મહીના સારૂ ચાલ્યા બાદ કોઈને કોઈ કારણોસર નાના મોટા ઝગડા ચાલુ કાર્ય જેમાં સામાવાળા નં.૧ નાં બેન અને અરજદારના નણંદ ખુબ ભાગ ભજવ્યો હોય અને તેઓની ત્યાં સતત ઝગડા ચાલુ જ રહયા હોય જે તે સમય એ લોકો અરજદારને પિયર મૂકી ગયા હોય અને પછી થોડો સમય બાદ સામાજિક વડીલોના ઠપકાથી અરજદારના સાસરીપક્ષવાળા તેઓને ત્યાં લઈ ગયા હોય જે તે સમય દરમિયાન અરજદાર ફરીથી સગર્ભા બન્યા હોય જે તે સમયે તેઓને પુત્ર જનમ્ય હતો તે પછી ૩–૪ મહીના એ લોકો અરજદારને ફરી તેમના પિયર મૂકી ગયા હોય જે વાતને આજે અંદાજે ચાર વર્ષ જેટલો સમય વિતી ગયો જેનો તમામ ખર્ચો જેવો કે બાળકોની બીમારી, ભણવા કે કપડા જેવો અરજાદરના મમ્મી–પપ્પાએ ઉપાડેલ

છે તથા આ સમયગાળા દરમિયાન તેઓએ ઘણીવાર સામાજિક રીતે ઝગડો પતાવી સમાધાન માટે સામેથી પ્રયત્નો કરેલા છે પણ એ લોકો કોઈપણ રીતે અરજદારને સ્વીકારવાની ના પાડતા હોય જેથી અરજદારને તેઓના સાસરીપક્ષમાં થી મળેલ ઘરેલું હિંસામાંથી યોગ્ય વળતર મળે, ન્યાય મળે તે માટે હાલની અરજી કરેલ હોવાનું જણાવેલ છે.

૨)) સદર કામે અરજદારની અરજીમા સામાવાળા નં. ૧ થી ૪ નાઓ તરફે આંક–૦૬ થી અરજીનો સંયુકત લેખિત જવાબ રજુ કરી જણાવેલ છે કે, સામાવાળા નં.૧ શ્રી પ્રાંતીયા વિદ્યા મંદિર ખાતે પટાવાળા તરીકે નોકરી કરે છે અને તેઓનો માસિક પગાર આશરે ૨૫૦૦૦/– જેમાંથી કાયદેસરની કપાત થયા બાદ રૂપિયા ૨૨૦૦૦/– જેટલી આવક છે. જેમાં તેઓ તથા તેઓના વૃધ્ધ માતા પિતાના ભરણપોષણ અને દવા દારૂ તથા સામાજિક આર્થિક જવાબદારીઓ સામાવાળા નં.૧ ની છે. સામાવાળા નં.૨ ૭૫ વર્ષના હોય અને બીમાર રહેતા હોય, નં.૩ ની ઉંમર ૭૦ વર્ષની છે અને વયોવૃધ્ધ છે. નં.૪ ના લગ્ન ૨૦૦૯ ની સાલમાં રાજેશકુમાર પરબતજીના સાથે થયેલ ત્યારથી તેશઓ સાસરી મુ.વાસણા રાઠોડ ખાતે રહે છે. આ કામના અરજદાર સાથે સામાવાળા નં.૧ ના લગ્ન સને ૨૦૧૧ માં તેઓના સમાજના રીત રીવાજ મુજબ થયેલા હોવાનું જણાવેલ છે. તે સમયે તેઓએ સોનાનો દોરો, સોનાનું લોકીટ, સોનાનું પેડલ તથા ચાંદીના કડલા, કાંબી, ઝાઝર તથા રમજા તેમજ ૩ જોડી કપડા અરજદારને આપેલા આ કામના અરજદારે સામાવાળા સાથે લગ્ન કર્યા બાદ થોડો સમય સારી રીતે રહેલ અને અરજદાર ગર્ભવતી થયેલ અને તેઓનું શ્રીમંતનો પ્રસંગ આવેલો તે સમયે સોનાની બુટી અને ચાંદીનું બ્રેસલેટ અરજદારને આપેલ ત્યારબાદ એક પુત્રસ ક્રિષાનો જન્મ થયેલ. જેની હાલ ઉંમર વર્ષ ૮ છે. ત્યારબાદ પુત્ર કનકનો જન્મ થયેલ જેની ઉંમર હાલ ૫ વર્ષ છે.

આ કામના અરજદાર લગ્ન જીવન દરમિયાન શરૂઆતમાં સારી રીતે રહેતા હોય પરંતુ શરૂઆતથી દર ૧૫ દિવસે પોતાના પિયર જતા રહેતા અને ઘણીવાર સામાવાળાને જણાવ્યા સિવાય પિયર જતા રહેતા અને સામાવાળા નં.૧ પૂછતા તો

તેઓની સાથે ઝગડો કરતા. બે ત્રણ વાર તો તેઓના સમાજના માણસો મારફતે સમજાવીને તેડી લાવતા અને તેઓનું લગ્નજીવન સારી રીતે ચાલે તે સારૂ અરજદાર જે કહે તેમ કરતા તેમ છતાં અરજદાર તેઓના માતા પિતાની ચઢામણીમાં આવી સામાવાળા સાથે ઝગડો કરતા અને તેઓ સામાવાળા નં.ર, ૩ ના વૃધ્ધ હોય તેઓની સાથે પણ તોછળાઈ ભર્યુ વર્તન કરતા હોવાનું જણાવેલ છે. આ કામના અરજદાર અગાઉ સને ર૦૧૭ માં વિના કારણે સામાવાળાના ઘરનો ત્યાગ કરીને તેઓની દીકરી ક્રિષ્નાને લઈને પિયરમાં જતા રહેલ અને તેઓને સામાવાળાએ સામાજિક રીતે તેડી લાવવા માટે પ્રયત્ન કરેલ પરંતુ તેઓ પરત આવેલા ન હોવાનું જણાવેલ છે અને તા.ર૯/૦૫/ર૦૧૭ ના રોજ તેઓના વકીલશ્રી મુકેશ પ્રજાપતિ મારફતે તેઓને તેડી જવા સારૂ નોટીસ મોકલેલી ત્યારબાદ સામાવાળા શરૂઆતથી જ તેડી જવા તૈયાર હતા જુથી સદર નોટીસનો કોઈ જવાબ આપેલ નહીં અને સમાજના આગેવાનોની સાથે જઈને સમાધાન કરી તેડી લાવેલા અને સામાવાળા અરજદારને ખુબજ સારી રીતે રાખતા આવેલ ત્યારબાદ પુત્ર કનકનો જન્મ થયેલો પછી ટુકડે ટુકડે અગિયાર માસ જેટલુ રોકાયેલા અને ત્યારબાદ આશરે ચાર વર્ષ અગાઉ અરજદાર તેઓના બંને સંતાનો લઈન તેમજ દરદાગીના લઈ જતા રહેલતા અને સામાવાળાએ સમાજિક રીતે અરજદારને તેડી લાવવા પ્રયત્નો કરેલા તેમ છતાં અરજદાર સામાવાળાના ઘરે પરત આવેલ નથી કે તેઓના સંતાનોને પણ મળવા દેતા નથી અને કોઈપણ જાતના કારણ સિવાય ખોટી અન્યોની ચઢામણીમાં આવીને અરજદારે હાલની ખોટી અરજી સામાવાળાઓ વિરૂધ્ધ કરેલ હોય જે રદ થવા પાત્ર છે તેમ જણાવેલ છે.

વધુમાં સામાવાળા નં.૧ જણાવે છે કે તેઓ ભૂતકાળમાં પણ અરજદારને સારી રીતે રાખતા હતા અને પતિ તરીકેની તેઓની તમામ ફરજો અદા કરતા આવેલા હોય અને હાલમાં પણ તેઓ અરજદારને તેડી જવા માટે તૈયાર છે અને તેઓ તથા તેઓના સંતાનોની તમામ જવાબદારીઓ નિભાવવા તૈયાર હતા અને છે. જે આથી જાહેર કરે છે.

આમ, અરજદારે વિના કારણે સામાવાળાનો ત્યાગ કરેલ છે અને ખોટા આક્ષેપો કરી હાલની અરજી કરેલ છે.

૩)) ત્યારબાદ અરજદાર તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**<u>અરજદારપક્ષનો મૌખિક પુરાવો</u>**

| **ક્રમ.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| **૦૧.** | અરજદાર સંગીતાબેન યોગેશકુમાર સોલંકીનું સોગંદનામું | ૦૮ |

સદર કામે અરજદાર તરફે આંક–૧૧ થી પુરાવો બંધ થયાનુ પુરસીસથી જાહેર કરાયેલ છે.

૪)) સદર કામે સામાવાળા તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામા આવેલ છે.

**મૌખિક પુરાવો :**

સામાવાળા નં.૧ યોગેશકુમાર ચંદુજી સોલંકીનું આંક–૧૪ થી સરતપાસનું સોગંદનામું.

**<u>સામાવાળાનો દસ્તાવેજી પુરાવો</u>**

| **ક્રમ.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| **૧** | પગાર સ્લીપની ખરી નકલ. | ૧૮ |
| **૨** | મકાન વેરા પાવતીની ખરી નકલ. | ૧૯ |
| **૩** | સામાવાળા નં.૨ ના સારવાર પેપરની ખરી નકલ. | ૨૦ |
| **૪** | સામાવાળા નં.૧ નું બેંક સ્ટેટમેન્ટની નકલ. | ૨૧ |

સદર કામે સામાવાળા તરફે આંક–૨૨ થી પુરાવો બંધ થયાનુ પુરસીસથી જાહેર કરાયેલ છે.

૫)) સદર કામે અરજદાર તરફે વિ.વ.શ્રી દવારા આંક–૨૫ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લેવામાં આવી.

સદર કામે સામાવાળા તરફે વિ.વ.શ્રી આર.ડી.પરમાર દવારા દલીલ કરી જણાવેલ છે કે, સામાવાળા દવારા અરજદારને હંમેશા સારી રીતે રાખેલ છે અને ત્રાસનો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. વધુમાં સામાવાળાના માતા–પિતા બીમાર છે અને પોતે સામાજિક જવાબદારી નિભાવતા આવેલા છે. વધુમાં જણાવેલ છે કે, અરજદારને સામાવાળાએ કાઢી મુકેલ નથી તેમ છતાં કાયદાનો દુરુપયોગ કરી ખોટી ફરીયાદ કરેલ છે. વધુમાં અરજદાર પર સામાવાળાએ ચોરીનો આક્ષેપ કરેલ હોય તે હકીકત પણ ખોટી હોવાનું જણાવેલ છે અને સામાવાળાના બેન પણ લગ્ન કરી તેમની સાસરીમાં રહેતા હોય, અરજદારની અરજી નામંજૂર કરવા જણાવેલ છે.

૬)) ઉપરોકત પડેલ પુરાવો અને અરજીની હકીકત ધ્યાને લેતા નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## –::: મુદ્દાઓ :::–

૧. શું અરજદાર પુરવાર કરે છે કે, તેણી ઘરેલું હિંસાનો ભોગ બનેલ છે ?

૨. શું અરજદાર પુરવાર કરે છે કે, તેણી કલમ–૧૮ મુજબનો પ્રોટેકશન હુકમ મેળવવા હકકદાર છે ?

૩. શું અરજદાર પુરવાર કરે છે કે, તેણી કલમ–૧૯ મુજબનો રેસીડેન્સનો હુકમ મેળવવા હકકદાર છે ?

૪. શું અરજદાર પુરવાર કરે છે કે, તેણી કલમ–૨૦ મુજબ ભરણપોષણનો હુકમ મેળવવા હકકદાર છે ?

૫.　શું અરજદાર પુરવાર કરે છે કે આ કામનાં સામાવાળાઓએ તેના સ્ત્રીધનને ઓળવી ગયેલ છે?

૬.　શું અરજદાર માનસિક ત્રાસ બદલ વળતર મેળવવા હકકદાર છે ?

૭.　શું હુકમ ?

૭)). ઉપરોકત મુદ્દા પરત્વેના આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

**–::: <u>નિ ર્ણ યો</u> :::–**

**મુદા નં.૧ : નકારમા.**

**મુદા નં.૨ : નકારમા.**

**મુદા નં.૩ : નકારમા.**

**મુદા નં.૪ : અંશત: હકારમાં.**

**મુદા નં.૫ : નકારમા.**

**મુદા નં.૬ : નકારમા.**

**મુદા નં. ૭: આખરી હુકમ મુજબ**

**–::: <u>નિર્ણયો માટેના કારણો</u> :::–**

૮)).　મુદ્દાઓ અન્વયેનાં આ અદાલતનાં કારણો નીચે મુજબ છે.

**<u>મુદ્દા નં.– ૧ થી ૭</u>**

ઉપરોકત તમામ મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય અને એક જ હકીકતમાંથી ઉપસ્થિત થયેલ હોય જેથી હકીકતો તથા પુરાવાઓનું પુનરાવર્તન ટાળવાનાં આશયથી તમામની ચર્ચા એકી સાથે કરવામાં આવેલી છે.

આ કામે સૌપ્રથમ જોઈએ તો <u>કૌટુંબીક સબંધ</u> કોને કહી શકાય તે હકીકત ધી પ્રોટેકશન ઓફ વીમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ, ૨૦૦૫ ની <u>કલમ–૨(એફ)</u> થી વ્યાખ્યાયીત કરવામાં આવેલી છે. તે વ્યાખ્યાનાં સંદર્ભ માં અરજદારની અરજીની હકીકત જોઈએ તો તે એવી છે કે, તેઓના લગ્ન સામાવાળા નં.૧ સાથે સને ૨૦૧૧

માં થયેલ અને ત્યારબાદ તેઓ સામાવાળા નં.૧ સાથે રહેવા ગયેલ અને આ હકીકત જોતા અરજદાર સામાવાળા નં.૧ સાથે એક જ છત નીચે રહેલા હોય, તેથી તેમની સાથે કૌટુંબિક સંબંધ હોવાનું માનવાને કારણ રહે છે.

૯)) હાલના કામે અરજદાર તરફે આંક–૮ થી તેમની સરતપાસનું સોગંદનામુ રજુ કરાયેલ છે જેમાં આંક–૧ મુજબની હકીકતો જણાવેલ હોય તેનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

સદર કામે અરજદાર સંગીતાબેન યોગેશકુમાર સોલંકીને આંક–૦૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની ઉલટતપાસમાં જણાવેલ છે કે, મારા લગ્ન ૨૦૧૧ મા થયેલા. એ વાત ખરી છે કે, લગ્ન કરી અમો સાસરીમાં ગયેલા અને થોડો સમય અમોને સારી રીતે રાખેલા. લગ્ન બાદ મારુ પ્રથમ સંતાન ૨૦૧૫ મા થયેલ. ત્યારબાદ ચાર વર્ષ બાદ બીજુ સંતાન ૨૦૧૮ મા થયેલ. એ વાત ખરી નથી કે, મારી દિકરીના જન્મ નાના મોટા ઝગડા થયેલાનુ ખોટુ જણાવેલ છે. એ વાત ખરી છે કે, આવા ઝગડાઓ બાબતે મે કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી નથી કે, મારા લગ્ન જીવન દરમ્યાન વારંવાર મારા પિયર જતી રહેતી હતી. એ વાત ખરી નથી કે, અમોએ પુત્રનો જન્મ આપ્યો ત્યારે આ કામના સામાવાળાએ અમોને કહી દીધેલ કે, આ બાળક મારુ નથી અને અમારી સાથે ઝગડો કરી અમોને ઘરમાથી કાઢી મુકેલાની હકીકત ખોટી લખાવેલ છે. એ વાત ખરી નથીકે, આ કામના સામાવાળાએ લગ્ન વખતે મને પિયર પક્ષમાંથી આપવામા આવેલ તમામ દાગીના સામાવાળાએ તેઓની પાસે રાખેલ છે અને અમારી ઉપર ચોરીનો આરોપ મુકેલાની હકીકત ખોટી લખાવેલ છે. એ વાત ખરી છે કે, મારી અરજી કે, સર તપાસમા અમોએ પુત્રને જન્મ આપ્યો તે બાળક અમારુ નથી તેવુ કયા સામાવાળા કહેતા હતા તે ચોકકસ જણાવેલ નથી. મારા પતિ આજે પણ મને તેડી જવા તૈયાર હોય તો, હુ જવા તૈયાર છુ કે કેમ ? તે બાબતે મારુ કહેવુ છે કે, તેઓ વકીલને આવુ કહે છે પરંતુ ખરેખર મને તેડી જવાની ના જ પાડે છે. એ વાત ખરી નથી કે, સામાવાળા પ્યુન તરીકે સ્કુલમા નોકરી કરી માસીક

આશરે પચાસ હજારનો પગાર ધરાવે છે તે હકીકત ખોટી લખાવેલ છે. એ વાત ખરી છે કે, મારા પતિ માસીક રુા.પચાસ હજાર કમાય છે તેવો કોઈ પુરાવો કોર્ટમા મે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મારા સસરા માસીક રુા.વીસ હજાર પેન્સન ધરાવે છે તે અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, હુ કામ કરવા સક્ષમ છુ. એ વાત ખરી નથી કે, મે ફેમીલી કોર્ટમા કેટલુ ભરણપોષણ માંગેલ છે તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, અમારે સામાવાળાથી અલગ રહેવા માટે કોઈ કારણ ઉભુ થયેલ ન હોવા છતા હાલની ખોટી અરજી કરેલ છે. એ વાત ખરી છે કે, હુ મારા પતિથી અલગ રહેવા ગઈ તેના એક વર્ષની અંદર કોઈ અરજી કરેલ નથી.

૧૦)) વધુમાં જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, મારા નણંદ શીલ્પા તેમની સાસરીમા રહે છે. એ વાત ખરી છે કે, મારા પતિને મારા અને મારા સંતાનો સિવાય તેમના માતા પિતાના ભરણપોષણની પણ જવાબદારી છે. એ વાત ખરી નથી કે, મે સામાવાળા ધ્વારા માનસીક ત્રાસ અપાયેલ હોવા બાબતના કોઈ ચોકકસ પુરાવા આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, સામાવાળા સરકારી નોકરી કરતા હોવાથી માત્ર તેમની પાસેથી નાણાં મેળવવા હાલની આ ખોટી અરજી કરેલ છે. એ વાત ખરી નથી કે, મારા શ્રીમંતમા મારા પતિએ મને દાગીના લાવી આપેલા. સાહેદ જણાવે છે કે, મને એક બુટ્ટી લઈ આપેલી. એ વાત ખરી નથી કે, મારી અરજીના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી છે કે, મને તેડી જવા માટે વકીલશ્રી

૧૧)) સદર કામે સામાવાળા નં.૧ યોગેશકુમાર ચંદુજી સોલંકીને આંક-૧૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, મારા લગ્ન આ કામના અરજદાર સાથે ઈન્દ્રોડા મુકામે હીન્દુ લગ્ની વીધી મુજબ થયેલા. એ વાત ખરી છે કે, લગ્ન સમયે મને મારી પત્નીના પક્ષ તરફથી ભેટ સોગાદો મળેલી. એ વાત ખરી નથી કે, મને સોનાના દાગીના કરીયાવરમા મળેલા. એ વાત ખરી છે કે,

મને ચાંદીના દાગીના કરીયાવરમા મળેલા. એ વાત ખરી છે કે, હુ મારી પત્ની સાથે લગ્ન કરીને સંયુકત કુટુંબમા મારા ઘરે રહેતો હતો. એ વાત ખરી છે કે, હુ શરૂઆતમાંક મારી પત્નીને સારી રીતે રાખતો હતો. એ વાત ખરી છે કે, સદરહુ લગ્નથી અમારે સંતાનમા એક દિકરો અને એક દિકરી છે. એ વાત ખરી નથી કે, અમારા બાળકોની ડિલીવરીનો ખર્ચ મારા સાસરી પક્ષ નાઓએ ભોગવેલ. એ વાત ખરી નથી કે, અમોએ અમારી પત્નીને કુટુંબના બધા સભ્યોએ ભેગા થઈ કૌટુંબીક ત્રાસ થાય તેવુ વર્તન કરેલ છે. એવાત ખરી નથી કે, અમે અમારી પત્નીને શારીરીક માનસીક ત્રાસ આપીને કાઢી મુકેલ છે. એ વાત ખરી નથી કે, મે મારી ઉપર મારા કુટુંબની ચઢામણી થી ચોરીનો ખોટો આરોપ મુકેલ છે.એ વાત ખરી નથી કે, ચોરીનો આરોપ મુકયા પછી અમે મારી પત્નીને ખોટી રીતે કાઢી મુકેલ છે. એ વાત ખરી નથી કે, અમોએ અમારી પત્નીને તેડવા માટે કોઈ પ્રયત્ન કરેલ નથી. એ વાત ખરી નથી કે, મે મારી પત્ની અને બાળકોની કોઈ સાર સંભાળ રાખેલ નથી. એ વાત ખરી છે કે, મે મારી પત્ની અને બાળકોના ભરણપોષણ માટે કોઈ રકમની ચુકવણી કરેલ નથી. એ વાત ખરી છે કે, હુ મારા બાળકોને મળવા ગયેલ નથી. હુ મારી પત્નીને તેડી જવા માગુ છુ. એ વાત ખરી નથી કે, હુ સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

૧૨)) સદર કામે રેકર્ડ પરની અરજદારની જુબાની અને સામાવાળાની તેઓની કરાયેલ ઉલટતપાસ ધ્યાને લેતાં અરજદારને સામાવાળા તેડી જવા માટે તૈયાર હોય તે બાબત રેકર્ડ પર આવેલ છે. વધુમાં સામાવાળા દવારા અરજદાર પર ચોરીનો આક્ષેપ મુકેલ હોય તે બાબત લગત દલીલમાં જણાવેલ હકીકત કે, ઘરની કોઈ વસ્તુ ન મળવાથી ઘરના માણસને જ પુછપરછ કરવામાં આવે તેને ચોરીનો આક્ષેપ ગણી ન શકાય અને અરજદાર દવારા તેઓને સામાવાળા દવારા તેઓએ ફેમિલિ કોર્ટમાં ભરણપોષણ માંગેલ હોય તેની ખબર ન હોવાનું ઉલટતપાસમાં જણાવેલ છે. તે હકીકત જોતા

ખરેખર અરજદારને સામાવાળાથી અલગ રહેવા માટે પુરતુ કારણ હોય તેવું સમગ્ર જુબાની જોતા માનવા પાત્ર જણાતું ન હોવાનું અમારૂ માનવુ છે.

૧૩)) હાલના કામે સામાવાળા આંક–૧૮ થી તેમની આવકની પહોંચ શ્રી પ્રાંતિયા વિદ્યામંદીર ની રજુ કરેલ છે જેમા તેઓનો માસીક પગાર રુા.૩૫,૦૮૪/– હોવાનુ ફલિત થાય છે. વધુમા સામાવાળાના પિતા ચંદુજીના મેડીકલ સર્ટીફીકેટ રજુ કરેલ છે જેમા પણ સામાવાળાના પિતા બિમારીથી પીડાતા હોવાનુ ફલિત થાય છે. આ કામે અરજદારે તેમની ઉલટ તપાસમા પણ સામાવાળા તેમને તેડી જવા તૈયાર હોય તો, તેઓ જવા તૈયાર છે કે કેમ ? તેનો સ્પષ્ટ જવાબ આપેલ નથી. વધુમા તેઓએ ફેમિલી કોર્ટમા પણ અરજી કરેલ હોવાનુ સ્વીકારેલ છે પરંતુ કેટલુ ભરણપોષણ માંગેલ તેની ખબર ન હોવાનુ જણાવેલ છે. વધુમા સામાવાળાએ અરજદારને તેડી જવા માટે વકીલ મારફતે નોટીસ મોકલેલી અને નોટીસ બાદ નોટીસ બાદ સામાવાળા તેડવા આવેલ અને અરજદાર તેમની સાથે ગયેલા તેમ પણ કબુલ રાખેલ છે. આમ, હાલના કામે સામાવાળાએ અરજદારને તેડવા માટે પણ પ્રયત્ન કરેલ હોઈ તેવી હકીકત રેકર્ડ પર આવેલ છે. આ સિવાય સમગ્ર પુરાવો જોતા અરજદારને માનસીક તથા શારીરીક ત્રાસ થયેલ હોઈ અને સામાવાળાઓના ત્રાસના કારણે અરજદારે તેમના પિયરમા રહેવુ પડતુ હોય તેવુ માની શકાય તેવો અરજદારનો પુરાવો ન હોવાનુ અમારુ માનવુ છે.

૧૪)) સદર કામે સામાવાળાની પણ અરજદાર તરફે ઉલટતપાસ કરાયેલ છે અને ઉલટતપાસમાં સામાવાળા દવારા તેમના પત્નિ અને બાળકોના ભરણપોષણની તેઓએ ચુકવણી કરેલ ના હોવાનું જણાવેલ છે. વધુમાં ચોરીનો આક્ષેપ કરી અરજદારને કાઢી મુકેલ હોવાનું કબુલ રાખેલ નથી. સદર કામે અરજદાર દવારા તેમના નણંદ વિરૂધ્ધ પણ આક્ષેપ કરેલ છે પરંતુ નણંદ લગ્ન કરી સાસરે રહેતા હોય તે હકીકત રેકર્ડ પર આવેલ છે. તે જોતા અને અરજદાર

દવારા સરપંચ સમાધાનની જવાબદારી લેવા તૈયાર થતા હોવા છતાં અને અત્રેની કોર્ટ દવારા પણ કરાયેલ પુછપરછમાં ખરેખર અરજદારને સામાવાળાથી અલગ રહેવા વ્યાજબી કારણ હોય તેવું માની શકાય તેવી હકીકતો અત્રેની કોર્ટ દવારા ટ્રાયલ ચલાવેલ હોય તેથી બંને પક્ષોની વર્તણૂંક આધારે ફલિત થયેલ હોવાનું અમારૂ માનવુ છે.

૧૫)) હાલના કામે બંને પક્ષ તરફે રજુ દલીલો અને રેકર્ડ પરનો પુરાવો જોતા સામાવાળા નં .૧ ના બંને માતા–પિતા ઉંમર લાયક છે અને સાસુ–સસરા ઉંમર લાયક હોય ત્યારે તેમની સારસંભાળ લેવામાં પતિને સહકાર આપવો તે પત્નિની પણ ફરજ ભારતીય સમાજ વ્યવસ્થા આધારે રહેલી છે. વધુમા નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૧૯(૩) જી.એલ.આર.૨૩૧૫ ના ક્રિષ્ણાબેન દિપેનભાઈ અટારા વિ. ગુજરાત રાજયના ચુકાદામા પણ નામદાર હાઈકોર્ટ ધ્વારા જયારે સ્વેચ્છાએ પતિનુ ઘર છોડેલ હોય ત્યારે તે ભરણપોષણ મેળવવા હકકદાર રહેતા ન હોવાનુ ઠરાવેલ છે. જે ચુકાદાના કેસના સંજોગો અને હાલના કેસના સંજોગો જોતા પણ આ કામના અરજદારે પણ સામાવાળાનુ ઘર જાતે છોડેલ હોય અને સામાવાળાના વૃધ્ધ માતા–પિતાની સારવાર કરવાની ફરજ પણ નિભાવવામા કસુર કરેલ હોઈ અરજદારને સામાવાળાથી અલગ રહેવા કોઈ કારણ ન હોવાનુ અમારુ માનવુ છે. હાલના કામે અરજદારને સામાવાળા તેડી જવા માટે તૈયાર હોવા છતાં અત્રેની કોર્ટ સમક્ષ પણ અરજદાર દવારા તેઓ જવા માંગતા ન હોવાનું જણાવેલ છે અને આ સંજોગોમાં કેસની સમગ્ર હકીકતો ધ્યાને લેતાં અરજદારને સામાવાળાથી અલગ રહેવા માટે કોઈ વ્યાજબી કારણ જણાતું નથી અને સામાવાળાએ અરજદારને કૌટુંબિક હિંસ્સાનો ભોગ બનાવ્યા હોય તેવું પણ માનવા પાત્ર હકીકતો રેકર્ડ પર આવેલ ન હોય તેમ અમારૂ માનવુ છે. વધુમા સમગ્ર જુબાની અને રેકર્ડ જોતા અરજદારને માનસીક યાતના થાય તેવુ વર્તન સામાવાળાઓ કરેલ હોય તેવુ રેકર્ડ પર આવેલ નથી. સદર કામે સામાવાળા નં.૪ એટલ કે, અરજદારના

નણંદ લગ્ન કરી પોતાની સાસરીમા રહેતા હોવાનુ પણ રેકર્ડ આવેલ હોવા છતા અને તેઓ વિરુધ્ધ કોઈ ચોકકસ આક્ષેપ પણ ન હોઈ તેઓને માત્ર સામાવાળા નં.૧ ના બેન હોવાના કારણે જ પક્ષકાર બનાવી દીધેલ હોય તેમ ફલિત થાય છે અને આમ, અરજદારને માનસીક યાતના થઈ હોય તેવુ માની ન શકાય તેવા હાલના કેસના સંજોગો હોવાનુ અમારુ માનવુ છે.

૧૬)) આમ, હાલના કામે રેકર્ડ પરનો પુરાવો અને બંને પક્ષની દલીલો ઘ્યાને લેતા અરજદાર ઘ્વારા સામાવાળા તેઓને તેડી જવા તૈયાર હોવા છતા અને સરપંચ પણ જવાબદારી લેવા તૈયાર હોવા છતા સામાવાળા સાથે અગમ્ય કારણોસર રહેતા ન હોવાનુ રેકર્ડ પર આવેલ છે. વધુમા સામાવાળાની આવક બાબતે પણ અરજદારે કરેલ રજુઆત જોતા સામાવાળા માસીક રુા.પચાસ હજારનો પગાર ધરાવતા હોય તેવુ માની શકાય તેવો કોઈ સામાવાળાએ રજુકરેલ પગારની સ્લીપ જોતા અરજદારનો પુરાવો ન હોવાનુ ફલિત થાય છે. હાલના કામે સામાવાળા અરજદારને બાળકો સહીત તેડવા તૈયાર હોવા છતા અરજદાર સામાવાળા સાથે રહેતા ન હોય અને અરજદારનુ સ્ત્રીધન સામાવાળા પાસે હોય તેવો કોઈ પુરાવો નથી.વધુમા હાલના કામે અરજદારની વર્તણુક ઘ્યાને લેતા તેઓને માનસીક યાતના થતી હોઈ તેવુ માની શકાય તેવી હકીકતો રેકર્ડ પર ન હોઈ અરજદારને વળતર ચુકવવા માટે પણ હાલનો કેસ યોગ્ય ન હોવાનુ અમારુ માનવુ છે. વધુમા અરજદાર ભાડાના ઘરમા રહેતા હોઈ તેવો પણ કોઈ પુરાવો ન હોઈ અને તેઓના પોતાના પિયરમા રહેતા હોઈ હાલના કેસના સમગ્ર સંજોગો જોતા સામાવાળા નં.૧ તેમના બાળકોનુ ભરણપોષણ અને શિક્ષણને લગત ખર્ચ પુરુ પાડવા માટે બંધાયેલા હોય તે હકીકત ઘ્યાને લેતા આ કામે બાળકોના ભરણપોષણની ચુકવણી કરવા સામાવાળા નં.૧ ને હુકમ કરવો ન્યાયોચિત જણાય છે. સદર કામે બાળકોના અભ્યાસ અને ઉંમર ઘ્યાને લેતા સામાવાળા નં.૧ દર મહીને બંને બાળકોના ભરણપોષણ અને અન્ય ખર્ચ પેટે સંયુકત રીતે રુા.૧૫,૦૦૦/- અંકે રુપીયા પંદર

હજાર પુરા અરજદારને ચુકવી આપે તેવો હુકમ કરવો ન્યાયોચિત રહે છે તેમ અમારુ માનવુ છે અને તે આધારે હાલના કામે અરજદાર મુદ્દા નં.૧ થી ૩ તથા ૫ તથા ૬ પુરવાર કરી શકેલ ન હોવાનુ ઠરાવી મુદ્દ નં.૪ અંશત: હકારમા ઠરાવી મુદ્દા નં .૭ લગત નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**–:: આખરી હુકમ ::–**

૧. અરજદારની હાલની અરજી આથી **અંશત: મંજુર** કરવામાં આવે છે.

૨. આથી આ કામના સામાવાળા નં.૧ ને આદેશ કરવામા આવે છે કે, તેઓએ તેમના બંને બાળકોના ભરણપોષણ અને અન્ય ખર્ચ પેટે અરજદારને સંયુકત રીતે રુા.૧૫,૦૦૦/– અંકે રુપીયા પંદર હજાર પુરા અરજી દાખલ કર્યા તારીખથી ચઢે ચઢયા ચુકવી આપવા. અરજદારની અન્ય દાદ નામંજુર કરવામા આવે છે.

૩. પક્ષકારોએ અરજી લગત ખર્ચ જાતે ભોગવવો.

૪. સદર કામના અરજદારને હુકમની નકલ વિનામૂલ્યે પુરી પાડવી.

સદરહુ હુકમ આજરોજ તા. ૧૭ મી માહે, ઓકટોબર, સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૧૭/૧૦/૨૦૨૫**
**ગાંધીનગર**

**(ચિરાગકુમાર કાળીદાસ પીપલિયા)**
**બીજા એડી.ચીફ.જયુડી.મેજીસ્ટ્રેટ, ગાંધીનગર**
**કોડ નં.જીજે–૦૦૯૯૪**